# સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેનો તાલિમ વર્ગ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેની તાલિમ તા. ૨૩/૦૫/૨૦૨૩ થી ૨૬/૦૫/૨૦૨૩ દરમ્યાન ગોઠવવામાં આવેલ. જેમાં રાજકોટ જિલ્લાના જસદણ અને વિછીયા તાલુકાનાં કુલ ૩૧ ખેડૂત ભાઇઓએ ભાગ લીધેલ. આ તાલિમ કાર્યક્રમમાં ધાન્ય પાકો, કઠોળ પાકો, તેલીબિયાના પાકો, બાગાયતી પાકો, ઘાસચારાનાં પાકોને નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય તે અંગે ઊંડાણપૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવેલ. તાલિમ કાર્યક્રમમાં વાતાવરણિય ફેરફાર દ્વારા વિવિધ પાકમાં આવતી જીવાતોનું સમયસર સંકલિત વ્યવસ્થાપન અપનાવી જંતુનાશકોના આડેધડ છંટકાવને ઘટાડવો જોઇએ તેમજ વિવિધ જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કરી પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી આવક કઈ રીતે વધારી શકાય તે અંગેની સમજ આપવામાં આવી હતી. તેમજ રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદન મેળવવા માટે પણ તાલિમ આપવામાં આવેલ અને ખેડુતોના પ્રશ્નોનું નિરાકરણ કર્યુ હતું.

આ ઉપરાંત ખેડૂત ભાઇઓએ મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, પશુ સંશોધન કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્ર અને શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ તાલિમ કાર્યક્રમમાં ખેડૂત ભાઇઓને પ્રાયોગિક તાલિમ પણ આપવામાં આવી હતી.

ખેડૂતોએ પણ તેઓના પ્રતિભાવમાં તાલિમ વિશે જણાવેલ કે આ તાલિમ તેઓને ખૂબજ ઉપયોગી સાબિત થશે કારણકે અત્યાર સુધી તેઓ જીવાત અને રોગ અંગે આટલી બધી સમજ ધરાવતા ન હતા. તેઓએ આવી તાલીમ રાખવા બદલ આણંદ કૃષિ યુનિવર્સિટી નો આભાર પણ માન્યો હતો. અને તાલિમ જાણવાલાયક અને સંતોષકારક રહી તેમ જણાવ્યુ હતું.

આ તાલિમ કાર્યક્રમના અંતે ડૉ. વાય. એમ. શુકલ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષએ તાલિમની જાણકારી બીજા ખેડૂતો સુધી પહોંચે તેવી અભ્યર્થના સાથે આશીર્વચન પાઠવેલ તથા તેઓશ્રીના હસ્તે પ્રમાણપત્ર અને કીટનું વિતરણ પણ કરવામાં આવેલ. જેમાં વિભાગના ડૉ. ડી. બી. સિસોદીયા, ડો. એચ. સી પટેલ અને મિનાક્ષી લુણાગરીયા હાજર રહ્યા હતા.






સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ
AAU
આયોજક


तुलसी
BIO-PESTICIDES LABORATORY
giz
Farmer's Training (ખેડૂત તાલીમ)


तुलसी
AAU
BIO-PESTICIDES LABORATORY